ગુજરાત રીયલ એસ્ટેટ રેગ્યુલેટરી ઓથોરીટી
ચોથો માળ, સહયોગ સંકુલ,
સેકટર-૧૧, ગાંધીનગર – ૩૮૨૦૧૦
ટેલીફોન નં.(૦૭૯) ૨૩૨-૫૮૬૫૯
વેબ સાઈટ -:**https://gujrera.gujarat.gov.in**

તા. ૨૯/૧૧/૨૦૨૧

# પરીપત્ર

વિષયઃ ગુજરેરામાં રજુ થયેલ ફરીયાદોના ન્યાય નિર્ણય માટે સુનાવણી અંગે.

સંદર્ભ : (૧) ઓથોરીટી દ્વારા મંજુર કરવામાં આવેલ તા.૨૯/૧૧/૨૦૨૧ ની નોંધ અન્વયે

(૨) નામદાર સુપ્રીમકોર્ટ દ્વારા સીવીલ એપ્લીકેશન નં. (S) ૬૭૪૫-૬૭૪૯/૨૦૨૧ માં તા.૧૧/૧૧/૨૦૨૧ ના રોજ આપેલ ચુકાદો.

ગુજરેરા ઓથોરીટીમાં રજુ થતી ફરીયાદોના ન્યાય નિર્ણય માટે ઓથોરીટીના માનનીય ચેરમેનશ્રી તથા ઓથોરીટીના માનનીય મેમ્બરશ્રીઓની બનેલી બેન્ચ સમક્ષ સુનાવણી યોજવામાં આવે છે.

ઓથોરીટીના માનનીય મેમ્બર- ૨ શ્રી દિપક જોષી સાહેબ અંગત કારણોસર રજા પર હોઈ તેઓ જેમાં સમાવિષ્ટ છે તેવી બેન્ચ સમક્ષ રજુ થયેલ ફરીયાદોની સુનાવણીમાં વિલંબ ટાળી શકાય તે હેતુથી એક સભ્ય ધરાવતી ઓથોરીટીના માનનીય મેમ્બર-૧ શ્રી પી.જે.પટેલ સાહેબની સુનાવણી હાથ ધરવામાં આવશે.

ઓથોરીટીના માનનીય મેમ્બર – ૨ શ્રી દિપક જોષી સાહેબ રજા પરથી પરત ફરતાં પુનઃ આ પરીપત્ર પહેલાની વ્યવસ્થાનો અમલ કરવામાં આવશે.

રેરા એક્ટના મુળ ઉદ્દેશ મુજબ તકરાર-ફરીયાદોનું ઝડપી નિરાકરણ લાવવાના હેતુથી ઉક્ત વ્યવસ્થાની સંબંધીતોએ ધ્યાને લેવા વિનંતી છે.

સચિવ
ગુજરાત રીયલ એસ્ટેટ રેગ્યુલેટરી ઓથોરીટી
ગાંધીનગર

પ્રતિ,
આસીસ્ટન્ટ ડાયરેક્ટર આઈ.ટી. શાખા ગુજરેરા
ગુજરેરા પોર્ટલ પર પરીપત્ર પ્રસિધ્ધ કરવા સારૂ.